# પ્રસારભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 23-12-2025** **EVENING: 7.50 TO 8.00**

**Day : TUESDAY** **National News**

# આકાશવાણી સમાચાર પ્રવેશ અડિએચા વાંચે છે.

**********************************************************

1. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ભારત—ન્યૂઝિલૅન્ડ મુક્ત વેપાર સમજૂતી કરાર – F.T.A.-ને ઐતિહાસિક સિદ્ધિ ગણાવી
2. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ રાષ્ટ્રીય વિજ્ઞાન પુરસ્કાર – 2025 એનાયત કર્યા.
3. કેન્દ્રીય કૃષિમંત્રીએ વિકસિત ભારત – રોજગાર અને આજીવિકા મિશન ગ્રામીણ અધિનિયમને ખેડૂતો અને શ્રમિકોના વિકાસ માટે ઐતિહાસિક પગલું ગણાવ્યું
4. છત્તીસગઢ, મધ્યપ્રદેશ અને કેરળમાં S.I.R. બાદ મુસદ્દા મતદાર યાદી જાહેર
5. ઇસરો આવતીકાલે સવારે LVM -3 M-6 મિશન હેઠળ બ્લૂબર્ડ બ્લૉક – 2 સંચાર ઉપગ્રહનું પ્રક્ષેપણ કરશે.
6. વિશાખાપટ્ટનમમાં શ્રીલંકા સામેની બીજી મહિલા ટી-20 ક્રિકેટ મૅચમાં ભારતે ટૉસ જીતી બૉલિંગ પસંદ કરી

……………………………………………………………

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# PM GOYAL FTA ARTICLE

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ હાલમાં સંપન્ન ભારત—ન્યૂઝિલેન્ડ મુક્ત વેપાર સમજૂતી કરાર – F.T.A.-ને ઐતિહાસિક સિદ્ધિ ગણાવતા કહ્યું, આ મહિલાઓના નેતૃત્વમાં ભારતની પહેલી સમજૂતી છે. તેમણે કહ્યું, વાટાઘાટકારોમાં લગભગ તમામ મહિલાઓ ઉપસ્થિત હતી. શ્રી મોદીએ વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પિયુષ ગોયલના એક લેખને શૅર કરતા એ વાત પર ભાર આપ્યો કે, ભારતના આજના F.T.A. માત્ર કર ઘટાડા સુધી મર્યાદિત નથી, પરંતુ અર્થતંત્રને મજબૂત બનાવવા તથા લાખો લોકોના જીવનસ્તરને વધુ સારા બનાવવાના વ્યાપક મિશનનો ભાગ છે.

શ્રી ગોયલે પોતાના લેખમાં આ વેપાર સમજૂતીને ભારતની વેપાર રાજદ્વારીમાં એક મહત્વની ગણાવી. તેમણે એ વાતનો ઉલ્લેખ કર્યો કે, F.T.A. દેશભરમાં નાના વ્યવસાય, વિદ્યાર્થીઓ, મહિલાઓ, ખેડૂતો અને યુવાનો માટે વધુ તકનું સર્જન કરીને વિકાસ, રોજગાર અને વૈશ્વિક બજાર સુધી પહોંચના નવા રસ્તા ખોલશે.

વાણિજ્ય મંત્રીએ કહ્યું, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં સંપન્ન થયેલો આ સાતમો વેપાર સમજૂતી કરાર છે, જે વૈશ્વિક વેપાર ભાગીદારીનું વિસ્તરણ કરવાના સતત પ્રયાસને દર્શાવે છે. તે ભારતની વિકાસગાથાને પૂરક બનાવે છે.

----------

# PREZ VIGYAN AWARD

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ આજે નવી દિલ્હીના રાષ્ટ્રપતિ ભવનમાં યોજાયેલા સમારોહમાં રાષ્ટ્રીય વિજ્ઞાન પુરસ્કાર – 2025 એનાયત કર્યા. આ વિજ્ઞાન, ટૅક્નોલૉજી અને નવીનતા ક્ષેત્રમાં અસાધારણ યોગદાન માટે રાષ્ટ્રનું સર્વોચ્ચ સન્માન છે. આ પુરસ્કાર વિજ્ઞાનરત્ન, વિજ્ઞાનશ્રી, વિજ્ઞાન યુવા-શાંતિ સ્વરૂપ ભટનાગર અને વિજ્ઞાન ટીમ સહિત ચાર શ્રેણીમાં અપાયા.

પદ્મવિભૂષણ પ્રાધ્યાપક જયંત વિષ્ણુ નાર્લિકરને મરણોત્તર વિજ્ઞાનરત્ન પુરસ્કારથી સન્માનિત કરાયા. જ્યારે આઠ વૈજ્ઞાનિકને વિજ્ઞાનશ્રી પુરસ્કાર અને 14 યુવા વૈજ્ઞાનિકને વિજ્ઞાન યુવા શ્રેણી હેઠળ સન્માનિત કરાયા. જ્યારે વિજ્ઞાનમાં ટીમ પુરસ્કાર અરોમા મિશન C.S.I.R.ને અપાયો.

----------

# REV PREZ IB ENDOWMENT LECTURE

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ કહ્યું, સુરક્ષા આર્થિક રોકાણ અને વિકાસના મુખ્ય પરબળોમાંથી એક છે. તેમણે કહ્યું, સમૃદ્ધ ભારતના નિર્માણ માટે સલામત ભારતનું નિર્માણ જરૂરી છે. નવી દિલ્હીમાં આજે ઇન્ટૅલિજૅન્સ બ્યૂરો – I.B.ના 38-મા શતાબ્દી ઍન્ડૉમૅન્ટ વ્યાખ્યાનને સંબોધતાં રાષ્ટ્રપતિએ કહ્યું, ભારત બહુપક્ષીય સુરક્ષા પડકારો અને જોખમનો સામનો કરી રહ્યું છે. તેમણે કહ્યું, સરહદી વિસ્તારોમાં તણાવ, આતંકવાદ અને ઉગ્રવાદ, વિદ્રોહ અને સાંપ્રદાયિક કટ્ટરતા પરંપરાગત રીતે સુરક્ષા સંબંધિત ચિંતાના ક્ષેત્રમાં રહ્યા છે. સુશ્રી મુર્મૂએ કહ્યું, હાલના વર્ષોમાં સાયબર ગુના એક મહત્વપૂર્ણ સુરક્ષા જોખમ તરીકે ઉભર્યું છે.

સુશ્રી મુર્મૂએ દશની આંતરિક સુરક્ષામાં I.B.નું અસાધારણ યોગદાનની પણ પ્રશંસા કરી. તેમણે કહ્યું, I.B. અદ્રશ્ય નાયકોની સંસ્થા છે. ગુપ્તચર બ્યૂરો દેશવાસીઓને સુરક્ષા પૂરી પાડવા અને રાષ્ટ્રની એકતા તથા અખંડિતતાને સુનિશ્ચિત કરવામાં ઉત્તમ ભૂમિકા ભજવી રહ્યું હોવાનું પણ તેમણે ઉંમેર્યું. રાષ્ટ્રપતિએ કહ્યું, જાગૃત નાગરિક રાષ્ટ્રીય સુરક્ષામાં લાગેલી સરકારી સંસ્થાઓના પ્રયાસને સશક્ત સમર્થન આપી શકે છે.

----------

## CHAUHAN FARMERS DAY

કેન્દ્રીય કૃષિમંત્રી શિવરાજસિંહ ચૌહાણે વિકસિત ભારત – રોજગાર અને આજીવિકા મિશન ગ્રામીણ અધિનિયમને ખેડૂતો તથા શ્રમિકોના વિકાસ માટે લેવાયેલું ઐતિહાસિક પગલું ગણાવ્યું. આજે રાષ્ટ્રીય ખેડૂત દિવસ નિમિત્તે દેશભરના ખેડૂતો સાથે વર્ચ્યૂઅલ સંવાદ કરતાં તેમણે આ વાત કહી. શ્રી ચૌહાણે કહ્યું, આ અધિનિયમમાં ખેડૂતો અને શ્રમિકોના વિકાસ માટે સશક્ત જોગવાઈ સામેલ કરવામાં આવી છે. નવા અધિનિયમે પહેલાથી લાગુ મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગૅરન્ટી અધિનિયમ – મનરેગાને વધુ મજબૂત કરી છે.

**(BYTE: SHIVRAJ SINGH CHAUHAN, AGRICULTURE MINISTER)**

વિકસિત ભારત જી-રામ-જી અધિનિયમ ખેતીના સૌથી વ્યસ્ત દિવસોમાં શ્રમિકોની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરશે. તેમણે કહ્યું, રોજગારના દિવસોની સંખ્યા 100થી વધારીને 125 કરવામાં આવી છે.

----------

## PM VP CHARAN SINGH

ઉપરાષ્ટ્રપતિ સી. પી. રાધાકૃષ્ણન, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સહિતના મહાનુભાવોએ આજે પૂર્વ પ્રધાનમંત્રી ભારતરત્ન ચૌધરી ચરણ સિંહને તેમની જયંતી નિમિત્તે શ્રદ્ધાંજલિ આપી છે. ઉપરાષ્ટ્રપતિએ સોશિયલ મીડિયા સંદેશમાં લખ્યું, પૂર્વ પ્રધાનમંત્રી એક મહાન નેતા અને ખેડૂતોના વિકાસના પ્રબળ સમર્થક હતા. તેમણે કહ્યું, ગ્રામીણ વિકાસ, સામાજિક ન્યાય અને ખેડૂત સમુદાયના સશક્તિકરણ પ્રત્યે તેમની પ્રતિબદ્ધતાએ દેશના જાહેર જીવનમાં અમીટ છાપ મુકી છે.

પ્રધાનમંત્રીએ સોશિયલ મીડિયા સંદેશમાં લખ્યું, ચૌધરી ચરણ સિંહે પોતાનું જીવન સમાજના વંચિત વર્ગોના વિકાસની સાથેસાથે ખેતીના વિકાસ અને ખેડૂતોની સમૃદ્ધિ માટે સમર્પિત કર્યું હતું. તેમણે કહ્યું, એક કૃતજ્ઞ રાષ્ટ્ર નિર્માણમાં તેમના યોગદાનને ક્યારેય ન ભૂલી શકાય.

----------

## SIR DRAFT YADI

**ચૂંટણી પંચે આજે છત્તીસગઢ, મધ્યપ્રદેશ અને કેરળમાં મતદાર યાદીની વિશેષ સઘન સુધારણા – S.I.R. ઝૂંબેશ બાદ મુસદ્દા મતદાર યાદી પ્રકાશિત કરી. આકાશવાણી સમાચાર સાથે વાત કરતા છત્તીસગઢના મુખ્ય ચૂંટણી અધિકારી યશવંત કુમારે કહ્યું, S.I.R. ઝૂંબેશ હેઠળ રાજ્યભરના એક કરોડ 84 લાખ 95 હજાર 920 મતદાર પાસેથી ગણતરી પત્રક મળ્યા.**

**(BYTE: YASHVANT KUMAR) CEO**

**તેમાં છ લાખ 42 હજાર 234 જેટલા મતદાર મૃત્યુ પામેલા હોવાનું જણાયું. જ્યારે 19 લાખ 13 હજાર 540 મતદારે સ્થળાંતર અથવા ગેરહાજર હોવાનું સામે આવ્યું છે. તો એક લાખ 29 હજાર 33 જેટલા મતદારના નામ એક કરતા વધુ સ્થળ પર નોંધાયેલા જોવા મળ્યા. મધ્યપ્રદેશમાં પણ દોઢ મહિનાથી વધુ સમય સુધી બૂથ સ્તરના અધિકારી – BLO-એ 230 વિધાનસભા મતવિસ્તારમાં જઈ S.I.R.ની કામગીરી કરી હતી.**

**કેરળના મુખ્ય ચૂંટણી અધિકારી રથન યુ. ખેલકરે જણાવ્યું, 91 પૂર્ણાંક 35 ટકા ગણતરીપત્રક પરત આવ્યા છે. હવે મુસદ્દા મતદાર યાદી અંગેના વાંધાએ અને દાવાઓ સંબંધિત સુનાવણી તાત્કાલિક શરૂ થશે, જે 22 જાન્યુઆરી 2026 સુધી ચાલશે.**

----------

# ISRO BLUEBIRD BLOCK 2

ભારતીય અવકાશ સંશોધન સંગઠન – ઇસરો આવતીકાલે સવારે ન્યૂસ્પેસ ઇન્ડિયા લિમિટેડ – N.S.I.L.ના માધ્યમથી LVM -3 M-6 મિશન હેઠળ બ્લૂબર્ડ બ્લૉક – 2 સંચાર ઉપગ્રહનું પ્રક્ષેપણ કરશે. શ્રીહરિકોટામાં સતીષ ધવન અવકાશ કેન્દ્રના બીજા પ્રક્ષેપણ પૅડથી તેનું પ્રક્ષેપણ કરાશે.

આ મિશનમાં ભારતના સૌથી શક્તિશાળી પ્રક્ષેપણ યાન, L.V.M. 3નો ઉપયોગ કરાશે. તે LVC-3-ની સક્રિય ઉડાન હશે. આ મિશન વિશ્વસનીય અને વાજબી આર્થિક અવકાશ પ્રક્ષેપણોમાં દેશને વધુ મજબૂત બનાવશે. અમેરિકાના A.S.T. સ્પેસમોબાઈલે તૈયાર કરેલા બ્લૂબર્ડ બ્લૉક –

2 ઉપગ્રહને અવકાશથી સીધા મોબાઈલ બ્રોડબેન્ડ કનેક્ટિવિટી પૂરી પાડવાના ઉદ્દેશથી ડિઝાઈન કરાયો છે. આ ઉપગ્રહ સ્માર્ટફોન પર ચોથી પેઢી – 4-G અને પાંચમી પેઢી – 5-Gની સેવાઓને સપોર્ટ કરશે. તેમજ આંતરિયાળ અને ઓછી સુવિધા ધરાવતા ક્ષેત્રોમાં તે વિશેષ ઉપયોગી બનશે.

આ મિશન સાર્વજનિક કનેક્ટિવિટીને વધુ સારી બનાવવા, કટોકટી સ્થિતિ દરમિયાન સંચારમાં મદદ કરવા અને અવકાશ આધારિત ટૅક્નોલૉજીના માધ્યમથી વૈશ્વિક ડિજિટલ પહોંચને વધારવામાં સહકાર આપશે.

----------

## WOMEN T20 CRICKET

મહિલા ક્રિકેટમાં, ભારત અને શ્રીલંકા વચ્ચે પાંચ મૅચની ટી-20 શ્રેણીની આજે બીજી મૅચ રમાઈ રહી છે. વિશાખાપટ્ટનમના ડૉક્ટર વાય. એસ. રાજશેખર રેડ્ડી ACA-VDCA સ્ટૅડિયમમાં રમાતી મૅચમાં ભારતે ટૉસ જીતીને બૉલિંગ પસંદ કરી છે.

હાલમાં મળતાં અહેવાલ મુજબ, શ્રીલંકા-એ 11 ઑવરમાં 2 વિકેટ ગુમાવી 72 રન કર્યા છે.

ઉલ્લેખનીય છે કે, યજમાન ટીમ આ શ્રેણીમાં એક શૂન્યથી આગળ છે. સુકાની હરમનપ્રિત કૌરની આગેવાની હેઠળની ભારતીય ટીમે ગત રવિવારે વિશાખાપટ્ટનમમાં જ રમાયેલી પહેલી મૅચમાં શ્રીલંકાને આઠ વિકેટે હરાવ્યું હતું.

----------

# IIT DELHI AI AGENT

ભારતીય ટેક્નોલૉજી સંસ્થા – I.I.T. દિલ્હીના સંશોધનકર્તાઓએ A.I.L.A. એટલે કે, કૃત્રિમ બુદ્ધિમત્તા પ્રયોગશાળા સહાયક નામની A.I. પ્રણાલિ વિકસાવી છે. આ પ્રણાલિ એક વૈજ્ઞાનિક તરીકે ખરેખર વૈજ્ઞાનિક પ્રયાગ કરવામાં સક્ષમ છે. તેની ચેટ ઇન્ટરફેસ સરળ છે, જેમાં નિર્દેશ અંગ્રેજીમાં અપાય છે તથા એજન્ટ તેને કૉડમાં પરિવર્તિત કરીને પ્રયોગનું કામ કરે છે.

સંશોધનકર્તા ઇન્દ્રજિત મંડલે જણાવ્યું, તેમની શોધ ઍટોમિક ફ્રૉર્સ માઇક્રોસ્કોપ પર આધારિત હતી, જે પદાર્થ સંશોધનમાં જટિલ વૈજ્ઞાનિક ઉપકરણ છે. તેમણે કહ્યું, A.I.L.A. ઍટોમિક ફ્રૉર્સ માઇક્રોસ્કોપને નિયંત્રિત કરી શકે છે. તેમજ પ્રયોગ દરમિયાન વાસ્તવિક સમયમાં નિર્ણય લઈ શકે છે. આ પરિણામોનું સ્વતંત્ર રીતે વિશ્લેષણ પણ કરી શકે છે.

----------